અપીલ અરજી નં.૨૩૨ તા.૨૩–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશ એમ પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
એડી.સીટી ઈજનેર (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ પટેલની તા.૬–૭–૧૧ની અરજીથી સુ.મ.ન.પા.ના એપ્રુવલ આર્કીટેક એન્જી. કોઈપણ કરદાતાનું બાંધકામ કરવા માટે પ્લાન સુ.મ.ન.પા. માં રજુ કરે ત્યાર બાદ સુ.મ.ન.પા. તરફથી પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી આપવામાં ત્યાર બાદ બાંધકામ ચાલું કરે અને બાંધકામ કમ્પલીટ થઈ ગયા બાદ વસવાટની પરવાનગી (બી.યુ.સી.) લેવાનું ફરજીયાત હોય છે પરંતુ આર્કીટેક તરફથી વસવાટની પરવાનગી (બી.યુ.સી.)લેવામાં ન આવે અને તે આર્કીટેક એન્જી. બીજી મિલ્કતનું બાંધકામ કરવા માટે પ્લાન બનાવી સુ.મ.ન.પા. માં રજુ કરે તો તે પ્લાન સુ.મ.ન.પા. તરફથી મંજુર કરી આપવામાં આવી શકે ખરો બી.પી.એમ.સી. એકટની કલમની જોગવાઈ મુજબ રેકોર્ડ મેન્યુઅલ આધારિત માહિતી આપવા બાબત.
સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૩–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૩૨/૨૦૧૧–૧૨

શ્રી સુરેશ એમ પટેલની તા.૬–૭–૧૧ની અરજીથી સુ.મ.ન.પા.ના એપ્રુવલ આર્કીટેક એન્જી. કોઈપણ કરદાતાનું બાંધકામ કરવા માટે પ્લાન સુ.મ.ન.પા. માં રજુ કરે ત્યાર બાદ સુ.મ.ન.પા. તરફથી પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી આપવામાં ત્યાર બાદ બાંધકામ ચાલું કરે અને બાંધકામ કમ્પલીટ થઈ ગયા બાદ વસવાટની પરવાનગી (બી.યુ.સી.) લેવાનું ફરજીયાત હોય છે પરંતુ આર્કીટેક તરફથી વસવાટની પરવાનગી (બી.યુ.સી.) લેવામાં ન આવે અને તે આર્કીટેક એન્જી. બીજી મિલ્કતનું બાંધકામ કરવા માટે પ્લાન બનાવી સુ.મ.ન.પા. માં રજુ કરે તો તે પ્લાન સુ.મ.ન.પા. તરફથી મંજુર કરી આપવામાં આવી શકે ખરો બી.પી.એમ.સી. એકટની કલમની જોગવાઈ મુજબ રેકોર્ડ મેન્યુઅલ આધારિત માહિતી આપવા બાબતે અઠવાઝોન,કતારગામઝોન,ઉધનાઝોન,રાંદેરઝોન તેમજ ડે.કમિ.(પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપવામાં આવેલ છે જે ખોટી,ગેરમાર્ગે દોરાવનાર તેમજ માહિતી છુપાવવામાં આવેલ તથા વરાછાઝોન , લીંબાયતઝોન તરફથી માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા **અરજદારના માહિતીના મુદ્દા અગાઉ બી.યુ.સી. ન મેળવેલ મિલ્કત બાદ આર્કીટેક અન્ય મિલ્કતના પ્લાન મુકે તો તે અંગે મંજુરીની કાર્યવાહી સંબંધમાં વૈધાનિક જોગવાઈ જણાવવા તથા બી.યુ.સી.મેળવવાની જવાબદારી માલિક કે આર્કીટેકની તે અંગે જોગવાઈની નકલ સહ જણાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૭૧૭ તા.૩૦–૮–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ,ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) , સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) , એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), એડી.સીટી ઈજનેર (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) , એડીસીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને તેઓને ડે.કમિ.(પી એન્ડ ડી)અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મંજુર પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમો ૨૦૦૪ ના નિયમ–૬(૩) સહ માહિતી આપવા છતાં શું નારાજગી છે ? તે સ્પષ્ટ કરવા તથા સદર નિયમનો સંદર્ભ કરેલ છે કે કેમ ? જે સ્પષ્ટ કરવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને મ. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૭ તા.૯–૯–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/આરટીઆઈ/જાવક/૬૦૨ તા.૨૧–૭–૧૧ થી તમામઝોન અને મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરેલ પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૧૯૭ તા.૧૧–૮–૧૧ ના પત્રની નકલ તથા મંજુર પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમો–૨૦૦૪ ના

નિયમ–૬(૩) કલમ–૯ (૩)(૭) (૧) ની જોગવાઈઓ જણાવતી પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૪૧ તા.૧૨–૯–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૪૧ તા.૨૩–૮–૧૧ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ, તબદીલ અરજીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં. એન.ઝેડ/આનં.૪૦૦૭ તા.૧૧–૯–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, તબદીલ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૨૯૮૯ તા.૩–૮–૧૧ ના પત્રની નકલ, કાયદાની જોગવાઈ અંગેના પાનાની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૪૯૯ તા.૧૧–૮–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી સા.ઝોન/ટેક./૨૬૭ તા.૬–૮–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૫૩૨ તા.૨–૮–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૮૭૭ તા.૨૬–૯–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, તબદીલ થયેલ અરજીની નકલ, નોંધ વિભાગ અને જાહેર માહિતી અધિકારીને પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૫૪૬ તા.૧૮–૮–૧૧ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ તથા જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.૮૭૨ તા.૨૪–૮–૧૧ થી અરજદારને આપેલ માહિતી પત્રની નકલ અત્ર મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૬–૭–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ જાવક/ ૬૦૨ તા.૨૧–૭–૧૧ થી દિન–૧૧ ના વિલંબથી તમામઝોન તથા શહેર વિકાસને અરજી તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારની વિલંબિત તબદીલીની ફરીયાદને અનુલક્ષી તેમના તા.૨૬–૭–૧૧ ના પત્રના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને અત્રેનો પત્ર તા.૫–૮–૧૧ થી સમય અવધિ જણાવવા સુચિત પણ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ.નં.૫૩૨ તા.૨–૮–૧૧ થી નિયત સમય અવધિમાં માંગવામાં આવેલી માહિતી અન્વયે અરજીમાં જણાવ્યા મુજબ ડેવલપમેન્ટ પરમીશન ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટના સેકશન–૨૭,૩૪ અને ૪૯ તથા બીપીએમસી એકટ–૧૯૪૯ ના સેકશન –૨૫૩ તથા ૨૫૪ ની જોગવાઈ હેઠળ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન એકટને અનુરૂપ જે તે પ્લાનો જરૂરી પુરાવા સહિતી માન્ય–આર્કી./ એન્જી. મારફતે રજૂ કર્યેથી તેની ચકાસણી કરી પ્લાન મંજુરી અન્વયે કાર્યવાહી કરવામાં આવે છે. વધુમાં આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની થાય છે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી નોર્થઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૨૯૮૯ તા.૩–૮–૧૧ થી નિયત સમય અવધિમાં " આરટીઆઈ એકટ–૨૦૦૫ મુજબ મહાનગરપાલિકાના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની હોઈ સવાલ જવાબરૂપી માહિતી આપવાની થતી નથી બાંધકામ અંગે જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન એકટ તેમજ મહાનગપાલિકાના વખતો વખતના લાગુ ઠરાવો પ્રમાણે અરજદારની અરજી ચકાસી યોગ્ય પૂર્તતા થયેથી વિકાસ પરવાનગી આપવામાં આવે છે.તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૬૭ તા.૬–૮–૧૧ થી નિયત સમય અવધિ બાદ અરજીમાં જણાવ્યા મુજબ ડેવલપમેન્ટ પરમીશન ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટના સેકશન–૨૭,૩૪ અને ૪૯ તથા બીપીએમસી એકટ–૧૯૪૯ ના સેકશન–૨૫૩ તથા ૨૫૪ ની જોગવાઈ હેઠળ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન એકટ અનુરૂપ જે તે પ્લાનો જરૂરી પુરાવા સહિત માન્ય આર્કી./ એન્જી. મારફતે રજૂ કર્યેથી તેની ચકાસણી કરી પ્લાન મંજુરી અન્વયે કાર્યવાહી કરવામાં આવે છે. વધુમાં આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની થાય છે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૯૭ તા.૧૧–૮–૧૧ થી નિયત સમય અવધિ બાદ "સેન્ટ્રલઝોન કચેરી ધ્વારા તેમના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૬૦૨ તા.૨૧–૭–૧૧ થી આંશિક માહિતી પૂરી પાડવા અરજી શહેર વિકાસ ખાતે તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે જણાવવાનું કે મિલ્કતનું બાંધકામ પૂર્ણ થયા બાદ વસવાટની પરવાનગી લેવાની જવાબદારી મંજુર પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમો–૨૦૦૪ ના નિયમ ૬(૩) મુજબ અરજદાર એટલે કે મિલ્કતના માલિકની રહે છે. જેથી આર્કી./ એન્જી. અન્ય મિલ્કતના પ્લાન સુમપામાં રજૂ કરી શકે તથા તે અંગે સુમપાએ નિયમોનુસારની કાર્યવાહી કરવાની રહે છે. તેવું જણાવેલ છે.જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૪૯૯ તા.૧૧–૮–૧૧ થી નિયત સમય અવધિ બાદ" ડેવલપમેન્ટ પરમીશન ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટના સેકશન –૨૭,૩૪ અને ૪૯ તથા બીપીએમસી એકટની કલમ–૧૯૪૯ ના સેકશન–૨૫૩ તથા ૨૫૪ ની જોગવાઈ હેઠળ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન એકટને અનુરૂપ જે તે પ્લાનો જરૂરી પુરાવા સહિત માન્ય આર્કી./એન્જી. મારફતે રજૂ કર્યેથી તેની ચકાસણી કરી પ્લાન મંજુરી અન્વયે કાર્યવાહી કરવામાં આવે છે.વધુમાં આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની થાય છે. તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં. ૮૭૨ તા.૨૪–૮–૧૧ થી નિયત સમય અવધિ બાદ " સુમપા તરફથી પ્લાન મંજુર થયા બાદ બાંધકામ કમ્પલીટ થઈ ગયા પછી વસવાટની પરવાનગી (બીયુસી) આર્કી. તરફથી લેવામાં ન આવે અને તે આર્કી. તરફથી અન્ય બીજી મિલ્કતનું બાંધકામ કરવા માટે પ્લાન રજૂ કરવામાં આવે તો તે પ્લાન સુમપા ધ્વારા મંજુર ન કરવા બાબત બીપીએમસી એકટમાં તેમજ સુડાના પુનરાવર્તિત મંજુર વિકાસ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૪ માં કોઈ જોગવાઈ હોવાનું રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોવાનું જણાતું નથી.

વધુમાં આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની થાય છે. અપીલના મુદ્દા નં.(૧) જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અઠવાઝોન, ઉધનાઝોન, કતારગામઝોન, રાંદેરઝોન અને ડે.કમિ.(પીએન્ડડી) તરફથી આપેલ માહિતી ખોટી અને ગેરમાર્ગે દોરનાર હોવાનું જણાવી તા.૨૩–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે.અપીલના મુદ્દા નં.(૨) જેમાં અરજદારે પ્લાન મંજુર કરવાની જાણકારી આપવામાં આવેલ છે પરંતુ બીયુસી લેવાની જવાબદારી આર્કી./એન્જી. આવે છે તો બીયુસી આર્કી./એન્જી. તરફથી લેવામાં ન આવે તો સુમપાના શહેર વિકાસની બીજી મિલ્કતનો પ્લાન મંજુર કરી શકે. તેવી જાણકારી આપવામાં આવેલ નથી તેમજ બીપીએમસી એકટની કલમ પણ જણાવેલ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારી ડે.કમિ.(પીએન્ડડી) તરફથી મિલ્કતનું બાંધકામ પૂર્ણ થયા બાદ વસવાટની પરવાનગી લેવાની જવાબદારી મંજુર પુનરાવર્તિત નિયમો–૨૦૦૪ ના નિયમ–૬(૩) મુજબ અરજદાર એટલે કે મિલ્કત માલિકની રહે છે. જેથી આર્કી./એન્જી. અન્ય મિલ્કતના પ્લાન સુમપામાં રજૂ કરી શકે. તથા તે અંગે સુમપાએ નિયમોનુસાર કાર્યવાહી કરવાની રહે છે. તેવું જણાવેલ છે. તેમજ બીપીએમસી એકટ અંગે કોઈ કલમ જણાવેલ નથી જે બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન, જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી આપેલ માહિતીમાં બીપીએમસી એકટ–૧૯૪૯ ના સેકશન –૨૫૩ તથા ૨૫૪ ની જોગવા હેઠળ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન એકટને અનુરૂપ જે તે પ્લાનોની જરૂરી પુરાવા સહિત માન્ય આર્કી. મારફતે રજૂ કર્યેથી ચકાસણી કરી પ્લાન મંજુર કરવાની કાર્યવાહી કરવામાં આવે છે તેવું જણાવેલ છે. અપીલના મુદ્દા નં.(૩) કતારગામઝોનને જે માહિતી આપી છે તે ખોટી છે તેવું જણાવેલ છે જે અંગે અરજદારને અપીલ તબકકે માહિતી મળ્યાના નારાજગી અને સ્પષ્ટતા કરવા જણાવવા છતાં શું ખોટું છે તેવી કોઈ જાહેર માહિતી અધિકારી ની માહિતી સામે કોઈ સ્પષ્ટતા કરેલ નથી . વધુમાં અરજદારની માહિતી ઉપરોકત જાહેર માહિતી અધિકારી પૈકી કાયદાકીય જોગવાઈઓ અંગેની હોઈ સમાન છે. અપીલના મુદ્દા નં.(૪) અરજદારે કોઈ પણ કરદાતાના બાંધકામ કરવા માટે આર્કી/એન્જી.. પ્લાન બનાવી બાંધકામ પૂર્ણ થઈ ગયા બાદ બીયુસી લેવની જવાબદારી પણ આર્કી/એન્જી. ની આવે નહીં કે મનપાની આવે. તેવી ધારણા તેમની રીતે રજૂ કરેલ છે. જે અંગે અરજદારને મંજુર વિકાસ નિયંત્રણના નિયમ–૬(૩) સહિત માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અપીલના મુદ્દા નં.(૫) આર્કી./એન્જી. સુમપા પાસે બીયુસી ન લેવાને કારણે જે પ્લાન મંજુર કરવામાં આવેલ તે મુજબ બાંધકામ કરવામાં ન આવે એટલે કે આર્કી./એન્જી. બીયુસી સુમપા પાસે લેતા નથી અને આર્કી./એન્જી. સામે કાર્યવાહી કરવાની જવાબદારી સુમપાની આવે. તેવું વિધાન કરેલ છે. અપીલના મુદ્દા નં.(૬) વરાછા તેમજ લીંબાયતઝોન તરફથી માહિતી મળેલ નથી જે અંગે વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩ ૪૧ તા.૨૩–૮–૧૧ થી સમય અવધિ બાદ " મિલ્કત બાદ /અરજદારે ડીસીઆર (૬.૩) મુજબ તેમની મિલ્કતની વસવાટ અંગેની પરવાનગી લેવાની હોય છે. જેથી આર્કી. એક પ્લાન મંજુર કરાવી બીજી મિલ્કત અંગે નિયમોનુસાર વિકાસ પરવાનગી મેળવી અરજી કરી વિકાસ પ્લાનો મંજુર કરાવી શકે. તેવું જણાવેલ છે. જયારે લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૫૪૬ તા.૧૮–૮–૧૧ થી " સુરત મહાનગપાલિકા ધ્વારા બાંધકામની વિકાસ પરવાનગીની રજાચિઠ્ઠી આપ્યા બાદ વસવાટ અંગેની પરવાનગી લેવાની જવાબદારી જે તે મિલ્કતદાર/માલિકની રહે છે. વધુમાં આર્કી./એન્જી. ધ્વારા લીંબાયતઝોને રજૂ કરવામાં આવેલ બાંધકામની વિકાસ પરવાનગીની અરજી અન્વયે નકકી કરેલ નીતિ નિયમોનુસાર મંજુરી આપવામાં આવે છે. તેવું જણાવેલ છે. આમ તમામઝોન અને મધ્યસ્થ શહેર વિકાસ ધ્વારા માહિતી પૂરી પડાયેલ છે. અપીલના મુદ્દા નં.૭ જેમાં અરજદારે મુદ્દા નં.૫ માં પુનરાવર્તિત રજૂઆત કરેલ છે તેમજ બીપીએમસી એકટ મુજબ જાણકારી મળેલી નથી જે અંગે અરજદારને મુદ્દા નં.૧ માં બીપીએમસી એકટમાં જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન,અઠવાઝોન, રાંદેરઝોન વિગેરે બીપીએમસી એકટની કલમ–૨૫૩ અને ૨૫૪ ની કલમ જણાવેલ છે. આમ અરજદારે તેમની તા.૨૬–૭–૧૧ ના પત્રથી કરેલી રજૂઆતની નકલ અત્રે મોકલેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સમય મર્યાદામાં તબદીલ નહીં થયાની રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી દિન–૧૧ ના વિલંબથી અરજી તબદીલ કરવામાં આવેલ છે. અને તે અંગે જાહેર માહિતી અધિકારીને કાયદાની સમય અવધિ જાળવવા સૂચિત પણ કરેલ છે.

અરજદારની અપીલમાંની રજૂઆત વિકાસ નિયંત્રણ નિયમ બીપીએમસી એકટ અને નિયમોની જોગવાઈનો પર્યાપ્ત સંદર્ભ કર્યા વિનાની જણાય છે. તમામ જાહેર માહિતી અધિકારીઓની માહિતી પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે કાયદા અને નિયમને સાથે રાખી કાર્યવાહી કરવાની રહે છે. અરજીનું વિષય વસ્તુ જોતાં કાયદા અને નિયમની જોગવાઈને લગતી માહિતી હોઈ પ્રથમ અરજી મેળવેલ જાહેર માહિતી અધિકારી અગર આવી બાબતે નીતિ ઘડતરમાં મુખ્ય ભુમિકા અદા કરતાં જાહેર માહિતી અધિકારી પૈકી એક જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અન્યને તબદીલ કર્યા વિના માહિતી આપી શકાય તેમ હતી. તેમ કરવામાં આવે તો સમય સંશાધનોનો મહત્તમ ઉપયોગની આમુખથી ચરિતાર્થ થયેલ ભાવના અમલી બનાવી શકાઈ હોત.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૭–૭–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પક્ષકાર તમામ જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. સેન્ટ્રલઝોનમાં અરજી તબદીલી સમયસર થાય તે અંગે કાળજી લેવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને પુનઃ જણાવવામાં આવે છે. તથા માત્ર કાયદાકીય જોગવાઈના કિસ્સામાં માંગેલ માહિતી અંગે પ્રથમ સ્વીકારેલ જાહેર માહિતી અધિકારી અથવા નીતિ ઘડતરમાં ચાવીરૂપ ભુમિકા અદા કરતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી આપવાનું અનુસરવા પણ કાળજી લેવા તમામ જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન),એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન),....જાણ તથા અમલ માટે

(૨) શ્રી સુરેશ એમ. પટેલ ,